૮૧ વર્ષના ટેસ્ટ ઈતિહાસમાં ભારતે શ્રેણી ૪-૦થી જીતી

ભારતની ઓસ્ટ્રેલિયા પર ઐતિહાસિક જીત

નવી દિલ્હી,તા. ૨૪

દિલ્હીના ફીરોઝશાહ કોટલા મેદાન પર રમાયેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ચોથી અને અંતિમ ટેસ્ટ મેચમાં આજે ભારતે ઓસ્ટ્રેલિયા પર ૬ વિકેટે ઐતિહાસિક જીત મેળવીને આ શ્રેણી ૪-૦થી જીતી લીધી હતી. આની સાથે જ ભારતે આ મેદાન પર ૧૯૮૭બાદ કોઈપણ ટેસ્ટ મેચ નહીં હારવાનો રેકોર્ડ જાળવી રાખ્યો હતો.આ ઉપરાંત ઓસ્ટ્રેલિયા સામે જંગી અંતરથી જીત મેળવવાનો રેકોર્ડ પણ કર્યો હતો. આજે રવિવારે ચોથી ટેસ્ટ મેચમાં અતિ રોમાંચક સ્થિતિ સર્જાઈ હતી. ભારતે ૪-૦થી શ્રેણી જીતની સાથે જ ગયા વર્ષે જાન્યુઆરી મહીનામાં ઓસ્ટ્રેલિયાના હાથે મળેલી ૦-૪થી હારનો બદલો પણ લઈ લીધો હતો. ગયા વર્ષે રિકી પોન્ટીંગના નેતૃત્વમાં ઓસ્ટ્રેલિયાએ પોતાના ઘરમાં ભારતના સુપડાસાફ કરી દીધા હતા. ભારતે પ્રથમ વખત ઓસ્ટ્રેલિયાને ૪-૦થી હાર આપી છે. ઓસ્ટ્રેલિયાને ૪-૦થી હરાવનાર મહેન્દ્રસિંહ ધોની બીજો કેપ્ટન બની ગયો છે. ઓસ્ટ્રેલિયન ટીમ ૪૪ વર્ષના લાંબાગાળા બાદ ૪-૦થી કોઈ શ્રેણી હારી ગઈ છે. પોતાના ઘરમાં ભારતે જીત હાસિલ કરીને નવો ઈતિહાસ સર્જ્યો છે. ભારતીય ટીમે ૮૧ વર્ષના ટેસ્ટ ઈતિહાસમાં પ્રથમ વખત આ અંતરથી કોઈ જીત મેળવી છે. કોટલાના મેદાન પર આજે ત્રીજા દિવસે જીતવા માટે જરૂરી ૧૫૫ રન ભારતે ૪ વિકેટ ગુમાવીને બનાવી લીધા હતા. ચેતેશ્વર પુજારાએ સૌથી વધુ ૮૨ રન બનાવ્યા હતા અને તે અણનમ રહ્યો હતો. દિલ્હીના ઉભરતા ખેલાડી કોહલીએ ૪૧ રન બનાવ્યા હતા. કોહલી અને પુજારાએ બીજી વિકેટની ભાગીદારીમાં ૧૦૪ રન બનાવ્યા હતા. પુજારાએ ૯૨ બોલની પોતાની ઈનિંગ્સમાં ૧૧ ચોગ્ગા ફટકાર્યા હતા. ધોની ૧૨ રન બનાવી નોટઆઉટ રહ્યો હતો. ધોનીએ ચોગ્ગો ફટકારીને ભારતને જીત અપાવી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી લિયોને આ ટેસ્ટ મેચમાં નવ વિકેટ લીધી હતી. ભારત તરફથી પાંચ વિકેટ લેનાર રવિન્દ્ર જાડેજાના શાનદાર દેખાવના કારણે ઓસ્ટ્રેલિયન ટીમ તેના બીજા દાવમાં ૧૬૪ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ઈનિંગ્સમાં ૨૬૨ રન કર્યા હતા. જ્યારે ભારતીય ટીમે તેના પ્રથમ દાવમાં ૨૭૨ રન કર્યા હતા. આ જીતની સાથે જ ભારતીય ટીમે ફીરોઝશાહ કોટલા મેદાન પર પોતાના ૨૬ વર્ષ જુના રેકોર્ડને જાળવી રાખવામાં સફળતા મેળવી હતી. ભારતને આ મેદાન પર છેલ્લે ૧૯૮૭માં વેસ્ટઈન્ડીઝના સામે અંતિમ વખતે હારનો સામનો કરવો પડ્યો હતો. ઓસ્ટ્રેલિયાની સામે સાત મેચોમાં ભારતની આ મેદાન પર આ ત્રીજી જીત છે. ઓસ્ટ્રેલિયન ટીમ ૧૯૫૯ બાદથી આ મેદાન પર કોઈ જીત મેળવી શકી નથી.

ચારેય ટેસ્ટના પરિણામ

ભારતે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની શ્રેણી ૪-૦થી જીતી લીધી છે. આની સાથે ભારતે ગયા વર્ષે જાન્યુઆરીમાં મળેલી હારનો બદલો લઈ લીધો છે. ચારેય ટેસ્ટ મેચોના પરિણામ નીચે મુજબ છે.

પ્રથમ ટેસ્ટ : ચેન્નઈમાં ભારતે પ્રથમ ટેસ્ટ ૮ વિકેટે જીતી લીધી હતી

બીજી ટેસ્ટ : હૈદરાબાદમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચ ભારતે એક ઈનિંગ્સ અને ૧૩૫ રને જીતી લીધી હતી

ત્રીજી ટેસ્ટ : મોહાલીમાં રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચ ભારતે ૬ વિકેટે જીતી લીધી હતી

ચોથી ટેસ્ટ : કોટલામાં રમાયેલી ચોથી ટેસ્ટમાં ભારતે ૬ વિકેટે જીત મેળવી લીધી છે.

છેલ્લા ૨૭ વર્ષમાં ફિરોઝશાહ કોટલા મેદાન ભારત માટે ખૂબ જ ભાગ્યશાળી

છેલ્લાં ૨૭ વર્ષમાં દિલ્હીના ફિરોઝશાહ કોટલા મેદાનને ભારત માટે ખૂબ જ ભાગ્યશાળી તરીકે ગણવામાં આવે છે. કારણકે, આ ગાળા દરમિયાન અહીં રમાયેલી નવ ટેસ્ટ મેચો પૈકી ભારતે એક પણ ટેસ્ટ મેચ ગુમાવી નથી. ભારતને છેલ્લે ૨૯મી નવેમ્બર ૧૯૮૭ના દિવસે અહીં હાર મળી હતી. તે વખતે વિન્ડીઝે ભારતને પાંચ વિકેટે હાર આપી હતી. આ અગાઉ ૧૦ ટેસ્ટ મેચ પણ ભારત માટે ખૂબ ખરાબ રહ્યાં હતા.

૧૯૭૨ થી લઈને ૧૯૮૭ વચ્ચેના ગાળામાં ભારતને ૧૯૭૨, ૧૯૭૪ અને ૧૯૭૬માં ક્રમશઃ ઈંગ્લેન્ડ, વેસ્ટ ઈન્ડીઝ અને ઈંગ્લેન્ડના હાથે કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ ૧૯૭૯ અને ૧૯૮૩ વચ્ચે પાંચ ટેસ્ટ મેચોના પરિણામ આવ્યા ન હતા. ત્યારબાદ ૧૯૮૪માં ભારતને ફરી એકવાર ઈંગ્લેન્ડે હાર આપી હતી. વેસ્ટ ઈન્ડીઝ સામે ૧૯૮૭માં મળેલી હાર પહેલા ભારત અને ઓસ્ટ્રેલિયાની ટીમને આ મેદાન પર સામે-સામે આવી હતી. પરંતુ પરિણામો મળ્યા ન હતા. ૧૯૮૭માં ભારતે વેસ્ટ ઈન્ડીઝ સામે હાર ખાધા બાદ આ મેદાન પર પોતાની જીતનો સિલસિલો શરૂ કર્યો હતો. ત્યારબાદ કુલ ૧૦ ટેસ્ટ મેચોમાં નવમાં તેની જીત થઈ છે.

વર્ષ ૨૦૦૮માં આ મેદાન પર ઓસ્ટ્રેલિયા સામે ભારત ફરી એકવાર રમ્યું હતું. પરંતુ આ ટેસ્ટ મેચમાં પરિણામ આવ્યા ન હતા. આ મેદાન પર ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આ સાતમી ટેસ્ટ મેચ હતી. જે પૈકી ભારતે ત્રણ ટેસ્ટ મેચોમાં જીત મેળવી છે. જ્યારે એક ટેસ્ટ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. ત્રણ ટેસ્ટ મેચો ડ્રોમાં પરિણમી છે. ભારતે ૧૯૯૬ અને ૧૯૬૯માં ઓસ્ટ્રેલિયાને હાર આપી હતી.

આજે ટેસ્ટ મેચના ત્રીજા દિવસે રવિવાર હોવાથી ક્રિકેટ ચાહકો પણ વધારે પ્રમાણમાં પહોંચ્યા હતા. કોટલાની વિકેટ બેટ્સમેનોને રમવા માટે ખુબ મુશ્કેલરૂપ બની હતી. સ્પીન બોલરો સામે રમવામાં ઘણી તકલીફ થઈ રહી હતી. ઓસ્ટ્રેલિયાના લિયોને પણ ભારતની પ્રથમ ઈનિંગ્સમાં ૯૪ રન આપી સાત વિકેટ ઝડપી હતી. આ વિકેટ પર દરેક સ્પીન બોલરને મદદ મળી રહી હતી જેથી બેટ્સમેન છૂટથી રમવામાં સફળ થયા ન હતા. ઓસ્ટ્રેલિયન બેટસમેન જાડેજા અને અશ્વીન સામે ફ્લોપ રહ્યા હતા અને એક પછી એક વિકેટો પડતી ગઈ હતી. જેથી ઓસ્ટ્રેલિયન ટીમ ભારતને જીતવા માટે કોઈ વધારે પડકાર આપી શકી ન હતી.ભારતને જીતવા માટે કુલ ૧૫૫ રનની જરૂર હતી. જે ભારતે ચાર વિકેટ ગુમાવીને બનાવ્યા હતા. રહાણે બન્ને ઈનિંગ્સમાં ફ્લોપ રહેતા તેની ટીમમાં યથાવત રહેવાની તકો ઉપર પાણી ફરી વળ્યું છે. શિખર ધવન ઘાયલ થતાં તેને તક આપવામાં આવી હતી. શિખર ધવન હવે આગામી શ્રેણી સુધી ફરી ફિટ થશે અને ટીમમાં પરત ફરશે.

વિમાન યાત્રા સસ્તી : એપ્રિલ અને મેમાં વધુ ઘટાડો થવાના સંકેત

નવી દિલ્હી,તા. ૨૪

વિમાની યાત્રીઓને આકર્ષિત કરવાના હેતુસર મોટાભાગની સ્થાનિક એરલાઈનો ભાડામાં ધરખમ વધારો કરી રહી છે. ગયા માર્ચ બાદથી વિમાની ભાડામાં ૩૦ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવી ચૂક્યો છે. એપ્રિલમાં અને મે મહિનામાં વધુ ઘટાડો કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે જેથી વિમાની યાત્રીઓને ઝડપથી તેમના આયોજન કરવાની તક મળશે. મોટાભાગની એરલાઈન્સો ગયા માર્ચ બાદથી વિમાની ભાડામાં ૩૦ ટકા સુધીનો ઘટાડો કરી ચૂકી છે. સ્થાનિક યાત્રીઓને આવનાર દિવસોમાં સસ્તા ભાડામાં વિમાની યાત્રા કરવાની તક મળી શકે છે. ટિકીટના ચાર્જમાં ૩૦ ટકા સુધીનો ઘટાડો ગયા વર્ષની સરખામણીમાં રાષ્ટ્રીય રૂટો ઉપર થઈ ચૂક્યો છે. એપ્રિલ મહિનાને વિમાની પ્રવાસ માટે નબળા મહિના તરીકે ગણવામાં આવે છે. સ્થાનિક વિમાની પ્રવાસીને સારા દિવસોની તક હજુ પણ રહેલી છે. એપ્રિલ અથવા મેની શરૂઆતમાં પણ વિમાની યાત્રીઓ ૨૦થી ૩૦ ટકા ઓછા ભાડામાં મુસાફરી કરી શકે છે. એપ્રિલ અને મે મહિનાને સામાન્ય રીતે વિમાની પ્રવાસ માટે ઉદાસીન મહિનાઓ તરીકે ગણવામાં આવે છે. એપ્રિલ મહિનામાં ઓછા લોકો મુસાફરી કરતા હોય છે. ભાડાની વાત કરવામાં આવે તો અમદાવાદ-મુંબઈ રિટર્ન ટિકીટ માર્ચના પ્રથમ સપ્તાહમાં ૯૭૯૮ રૂપિયામાં હતી. હવે એપ્રિલના પ્રથમ સપ્તાહમાં ૬૮૨૧ રૂપિયા રહેવાની શક્યતા છે. આમા તમામ ફીનો પણ સમાવેશ થાય છે. વધુમાં અમદાવાદ-દિલ્હી ટિકીટ મેના પ્રથમ સપ્તાહમાં જ ૩૩૪૧ રૂપિયામાં પડશે. જ્યારે અમદાવાદ-મુંબઈ ટિકીટ આ ગાળામાં ૨૬૩૪ રૂપિયામાં પડશે. આનો મતલબ એ થયો કે ટિકીટની કિંમતમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. એપ્રિલ-મેમાં ભાડાના ચિત્રની વાત કરવામાં આવે તો મોટાભાગના લોકોને ફાયદો મળી શકે છે. આવી જ રીતે દિલ્હી-કોલકાતા ટિકીટ ૪૩૯૯ રૂપિયામાં ખરીદી શકાય છે. જ્યારે કોલકાતા-દિલ્હી ટિકીટ ૪૭૦૦ રૂપિયામાં પડશે. મુંબઈ-કોલકાતા ફ્લાઈટ ટિકીટની કિંમત એપ્રિલ મહિનામાં ૪૭૦૦ની આસપાસ રહી શકે છે. ચેન્નાઈની

વાત કરવામાં આવે તો એપ્રિલમાં ભાડું ૪૧૦૦ રૂપિયાની આસપાસ રહી શકે છે. સામાન્ય રીતે તામિલનાડુના પાટનગર સુધી એક તરફી ભાડું ૬૫૦૦ રૂપિયા હોય છે. આવી જ રીતે બેંગ્લોર, હૈદરાબાદ અને ગોવાનું ભાડું ૨૭૦૦થી ૩૦૦૦ વચ્ચે હોય છે. ભાડાને ઓછા રાખીને એરલાઈનો લીન સિઝન દરમિયાન મોટી સંખ્યામાં યાત્રીઓને પ્રભાવિત કરવાની યોજના ધરાવે છે. અલબત્ત ડિસ્કાઉન્ટો અંગેની ઓફરો પૂરી થઈ ચૂકી છે. છતાં ભાડાઓ માર્ચ ૨૦૧૨થી સૌથી ઓછી સપાટીએ રહ્યા છે. જો કે હોળીના પ્રસંગે ભાડામાં થોડોક વધારો થઈ શકે છે. એરલાઈનોની આ યોજનાથી એમ લાગી લરહ્યું છે કે કસ્ટમરો ટિકીટના ચાર્જમાં ૩૦ ટકાની ઘટાડાની અપેક્ષા કરી શકે છે. એપ્રિલ મહિનામાં મુંબઈથી દિલ્હી એક તરફી ટિકીટની કિંમત ૪૬૦૦ રૂપિયા રહી શકે છે. જ્યારે રિટર્ન ટિકીટ ૪૩૦૦માં પડી શકે છે. સમગ્ર હોલિડે સિઝનની શરૂઆત થઈ રહી છે ત્યારે એર ઈન્ડિયાએ ૬૦ દિવસમાં એડવાન્સ ટિકીટ ખરીદી સ્કીમ શરૂ કરી દીધી છે. આ ટિકીટની કિંમત ટ્રેનમાં એરકંડીશન ભાડા જેટલી છે. એડવાન્સ પરચેસ ફેર (એપેક્ષ) સ્કીમનો મુખ્ય હેતુ આગામી ઉનાળાની સિઝન દરમિયાન પ્રવાસ કરવા ઈચ્છાતા લોકોને આકર્ષિત કરવાનો છે.

સોપોરેમાં પોલીસ પાર્ટી પર હુમલો : એકનુ મોત

શ્રીનગર, તા.૨૪

જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓએ ફરી એકવાર ત્રાસવાદી હુમલાઓ તીવ્ર બનાવી દીધા છે. આજે ત્રાસવાદીઓએ ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં સોપોરેના ભરચક બજાર વિસ્તારમાં પોલીસ પાર્ટી પર હુમલો કર્યો હતો. પોલીસ ટીમ પર હુમલો કરવામાં આવ્યા બાદ તરત તંગદીલી ફેલાઈ ગઈ હતી. ત્રાસવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં એક નાગરકનુ મોત થયું હતું. અન્ય એક પોલીસ જવાનને ગંભીર ઈજા તિ હતી. જમ્મુ કાશ્મીરમાં આ મહિનાના ગાળામાં જ સુરક્ષા દળો પર ત્રાસવાદીઓએ ચોથો હુમલો કર્યો છે. જે સાબિત કરે છે કે ફરી એકવાર કાશ્મીરમાં ત્રાસવાદી પ્રવૃતિ દિન પ્રતિદિન વધી રહી છે. હવે સુરક્ષા દળોને ફરી સાવધાન થઈ જવાની જરૂર છે. સોપોરેમાં અકબાલ માર્કેટ વિસ્તારમાં ટ્રાફિક જામની સ્થિતીને પોલીસ હળવી બનાવી રહી હતી ત્યારે આ બનાવ બન્યો હતો. કોન્સ્ટેબલ કિશોર કુમારને ગોળી વાગી હતી. હુમલાખોરો ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. ૧૩મી માર્ચના દિવસે ત્રાસવાદીીએ સીઆરપીએફના કેમ્પ પર હુમલો કર્યો હતો.

લોકપાલ મામલે ૨૨મી એપ્રિલે ચર્ચા હાથ ધરાશે

નવી દિલ્હી, તા.૨૪

જટીલ ભ્રષ્ટાચાર વિરોધી લોકપાલ બિલના મામલે સંસદમાં આગામી મહીને ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવશે. બજેટ સત્રના એક મહીનાના લાંબા વિરામ બાદ સંસદમાં આ મુદ્દે ચર્ચા કરવામાં આવશે. કેન્દ્રીય પ્રધાન વી નારાયણસામીએ આ મુજબની માહિતી આજે આપી હતી. તેમણે કહ્યું હતું કે, આ જટીલ બિલ લોકપાલને સંસદમાં પસાર કરવાના અમે પ્રયાસ કરી રહ્યાં છીએ. સરકારે લોકપાલ મામલે ઘણું બધું કામ કર્યું છે. સરકારે લોકસભામાં આ બિલને પસાર કરી લેવામાં સફળતા મેળવી છે. પરંતુ રાજ્યસભામાં આ બિલ અટવાઈ પડ્યું છે. રાજ્યસભામાંથી આ બિલને પસંદગી સમિતીને મોકલી દેવામાં આવ્યું છે. આ કમિટીએ તેમની ભલામણો આપી હતી. ૨૨મી એપ્રિલે ચર્ચા કરાયા બાદ આગળની દિશામાં અમે વધીશું. નેશનલ એડિટર્સ કોન્ફરન્સમાં તેઓએ આ મુજબની વાત કરી હતી.

લિયાકતની ધરપકડ પ્રશ્ને તપાસનો આદેશ થઈ શકે

નવી દિલ્હી, તા.૨૪

દિલ્હી પોલીસ અને જમ્મુ-કાશ્મીર પોલીસના વિરોધાભાશી નિવેદનો આવ્યા બાદ હીજબુલ મુઝાહીદ્દીનના આતંકવાદી લિયાકત અલીની ધરપકડ તરફ દોરી જનાર સંજોગોમાં ગૃહ મંત્રાલય તપાસનો આદેશ કરે તેવી શક્યતા છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા જમ્મુ-કાશ્મીર પોલીસ અને દિલ્હી પોલીસ દ્વારા રજુ કરવામાં આવેલી એક વિગતની ગંભીરતા પૂર્વક નોંધ લેવામાં આવી છે. લિયાકત અલી અંગે બન્ને રાજ્યોની પોલીસે જુદી-જુદી પ્રતિક્રિયાઓ આપી છે. જમ્મુ-કાશ્મીર પોલીસ અને દિલ્હી પોલીસના નિવેદનની ચકાસણી કર્યા બાદ તપાસની જરૂર છે કે કેમ તે અંગે નિર્ણય લેવામાં આવશે.

દિલ્હી બોંબ બનાવવા માટેની સામગ્રી કબ્જે કરાતા ચકચાર

નવી દિલ્હી,તા. ૨૪

દિલ્હીને હચમચાવી મુકવાના કાવતરાનો ફરી એકવાર પર્દાફાશ થયો છે. દિલ્હી સચિવાલયની બહાર દિલ્હી પોલીસે આઠ થેલાઓમાં બોમ્બની સામગ્રી કબ્જે કરી છે. બોમ્બ બનાવવાની સામગ્રી મળી આવ્યા બાદ સમગ્ર મામલામાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. આ થેલાઓ પર દિલ્હી પોલીસની પીસીઆર ગાડીની એકાએક નજર પડી હતી. જેથી સમયસર સામગ્રી મળી આવતાં એક મોટી ઘાત ટળી ગઈ છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, હાલમાં જ દિલ્હી પોલીસે આતંકવાદી સંગઠન હિજબુલ મુઝાહીદ્દીન સાથે સંકળાયેલા ત્રાસવાદી સૈયદ લિયાકત શાહની ધરપકડ કરી હતી. તેની પુછપરછના આધાર પર જામા મસ્ઝીદ નજીક એક ગેસ્ટહાઉસ પર દરોડો પાડીને વિસ્ફોટક સામગ્રી પણ કબ્જે કરી હતી. લિયાકતની પૂછપરછમાં એવું જાણવા મળ્યું કે, દિલ્હીમાં આત્મઘાતી હુમલાઓને અંજામ આપવા માટે આતંકવાદીઓ પ્રવેશ કરી ચુક્યા છે. આ આતંકવાદીઓ ભરચક રહેતા વિસ્તારોને ટાર્ગેટ બનાવી શકે છે. ત્યારબાદ દિલ્હી પોલીસ સતત તપાસ અભિયાન ચલાવી રહી હતી. ગોરખપુરમાંથી ધરપકડ કરવામાં આવેલા લિયાકત અલી અંગે જમ્મુ-કાશ્મીર પોલીસે કહ્યું છે કે, તે રાજ્ય સરકારની પુનઃવસવાટ નિતી આત્મસમર્પણ કરવાના હેતુસર પરત ફરી રહ્યો હતો. બીજી બાજુ દિલ્હી પોલીસે દાવો કર્યો હતો કે, તે ખતરનાક ઈરાદા સાથે દિલ્હીમાં પ્રવેશી રહ્યો હતો. લિયાકતની ધરપકડ મામલે કરવામાં આવેલા આક્ષેપોને દિલ્હી પોલીસે ફગાવી દીધા છે. દિલ્હી પોલીસનો દાવો છે કે, જો યોગ્ય આતંકવાદીને પકડ્યો નથી તો જામા મસ્જિદના ગેસ્ટહાઉસમાંથી મળી આવેલા હથિયારો કોના છે તેવી પૂછપરછના આધાર પર જ એકે-૫૬ અને અન્ય વિસ્ફોટકો મળ્યા હતા. ગેસ્ટહાઉસમાં દરોડા દરમિયાન અન્ય હથિયારો પણ શોધી કાઢ્યા હતા. હોળી પહેલા દિલ્હીમાં રકપાત સર્જવાની યોજના હતી.

હેલિકોપ્ટર સોદાબાજી : ઈડી સાથે દસ્તાવેજોની આપલે થઈ

નવી દિલ્હી, તા.૨૪

તપાસને વધુ વિસ્તૃત બનાવીને સીબીઆઈએ એનફોર્સમેંટ ડીરેક્ટોરેટ (ઈડી) સાથે મહત્વપૂર્ણ દસ્તાવેજોની આપ લે કરી છે. વીવીઆઈપી હેલિકોપ્ટર સોદાબાજીમાં ૩૬૨ કરોડ રૂપિયાની કટકીના મામલામાં તપાસ ચાલી રહી છે. ઍંગલો ઈટાલીયન કંપની ઓગસ્ટા વેસ્ટલેન્ડ કંપની સાથે સોદાબાજીમાં જંગી કટકીનો મામલો ચાલી રહ્યો છે. સીબીઆઈએ આ કેસમાં પોતાની રીતે તપાસ ચલાવી છે. સીબીઆઈને ૩૬૦૦ કરોડ રૂપિયાની આ સોદાબાજીના સંબંધમાં ઈટાલી સરકાર અને સંરક્ષણ મંત્રાલય તરફથી ઘણા બધા મહત્વપૂર્ણ દસ્તાવેજો હાથ લાગ્યા છે. આ દસ્તાવેજોની સીબીઆઈના અધિકારિઓ દ્વારા ઊંડી તપાસ કરવામાં આવી ચુકી છે. આ દસ્તાવેજોની હવે વધુ ચકાસણી માટે ઈડી સાથે વહેંચણી કરવામાં આવી રહી છે. ઈડીના અધિકારિઓ પણ તપાસ સંસ્થા તરફથી મળેલા નવેસરના દસ્તાવેજોના આધાર પર કેસ નોંધે તેવી શક્યતા છે. આ સોદાબાજીના ફોરેક્સ કાયદાઓના ખુલ્લા ભંગના મામલામાં ગયા વર્ષ બાદથી ઈડી દ્વારા પણ તપાસ કરવામાં આવી ચુકી છે. ઈડી કટકીના આક્ષેપોમાં તપાસ કરતી વેળા મની લોન્ડ્રીંગના એક કેસની નોંધણી કરે તેવી પણ શક્યતા છે. સીબીઆઈ દ્વારા પહેલાંથી જ આઈએએફના ભૂતપૂર્વ વડા એસપી ત્યાગી, તેમના ત્રણ સંબંધિત, યુરોપીયન મધ્યસ્થી અને અન્ય ચાર લોકો સહિત કુલ ૧૧ લોકો સામે પીઈની નોંધણી કરી છે. શંકાસ્પદ મધ્યસ્થી યુરોપિયનોના મામલે ઈટાલીયન મિડીયામાં કટકીના અહેવાલ આવ્યા હતા.

પીઈમાં સીબીઆઈ કેટલાક મધ્યસ્થીઓની તપાસ કરી રહી છે. આ મધ્યસ્થીઓએ ઈટાલીયન કંપનીની તરફેણમાં સોદાબાજી કરવા જંગી નાણાંની હેરફેર કરી હતી. ૩૬૨ કરોડ રૂપિયાની કટકી ટ્યુનિશીયા અને મોરેશિયસ મારફતે ભારતીય નાગરીકોને મળી હતી.

સંજય દત્ત કોઈ આતંકવાદી નથી : દિગ્વિજય સિંહનો મત

નવી દિલ્હી,તા. ૨૪

કોંગ્રેસના વરીષ્ઠ નેતા દિગ્વિજયસિંહે આજે અભિનેતા સંજય દત્તને ખુલ્લો ટેકો આપ્યો હતો અને કહ્યું હતું કે, વર્ષ ૧૯૯૩ના મુંબઈ સિરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં આર્મ્સ એક્ટ હેઠળ સંજય દત્તને ફટકારવામાં આવેલી સજા મામલે તેઓ સહમત નથી. તેમણે કહ્યું હતું કે, સંજય દત્ત નાની વયમાં આ ગુનો કર્યો હતો. નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતાં એઆઈસીસીના જનરલ સેક્રેટરી દિગ્વિજયસિંહે કહ્યું હતું કે, સંજય દત્ત કોઈ અપરાધી નથી, તે કોઈ આતંકવાદી નથી. નાની વયમાં તે વખતના વાતાવરણમાં તેનાથી આ ગુનો થઈ ગયો છે. કોમવાદ સામે એ વખતે અભિનેતા સુનીલ દત્તે અવાજ ઉઠાવ્યો હતો અને લઘુમતીની તરફેણ કરી હતી. કદાચ એ વખતે, હુમલો થવાની દહેશત હતી. આજ કારણસર તેનાથી આ ભૂલ થઈ ગઈ હતી. જેની સજા તેને મળી છે. રાજકારણીઓ અને ફિલ્મી હસ્તીઓ તરફથી સંજય દત્તને ટેકો મળી રહ્યો છે ત્યારે દિગ્વિજય સિંહે પણ ટેકો આપ્યો છે. દિગ્વિજય સિંહે કહ્યું છે કે, નાની વયમાં સંજય દત્તથી ગુનો થયો છે. સુપ્રીમ કોર્ટે એકે-૫૬ રાયફલ સહિત પ્રતિબંધાત્મક હથિયારો રાખવા બદલ આર્મ્સ એક્ટ હેઠળ દોષિત ઠેરવીને સંજય દત્તને પાંચ વર્ષની સજા ફટકારી હતી. આ એકે-૫૬ રાઈફલ મુંબઈ સિરીયલ બ્લાસ્ટના હેતુસર ભારતમાં લાવવામાં આવેલા હથિયારોના ભાગરૂપે હતી. ભાજપે દત્તને રાહત આપવાની માંગનો વિરોધ કર્યો છે અને કહ્યું છે કે, કાયદો દરેક માટે એક સમાન છે. પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડીયાના ચેયરમેન કાત્જુએ દત્ત માટે રાહતની માંગ કરી હતી.

સમાચાર ઝલક

- ગાઝિયાબાદમાં શોલેની નકલ કરતા ત્રણ બદમાશો લાકડીનો તમંચો બતાવતા ઝડપાયા.
- બહુચરાજી ડેપોમાં વિદ્યાર્થીએ એસ.ટી. કંડક્ટરો પર હુમલો કર્યો.
- અમેરિકામાં સ્થાયી વસવાટ કરવા માગતા ગુજરાતીઓ સહિત ૧ કરોડ ભારતીયો.
- મુંબઇમાં મહિલા આરોપી ભાગી ગઇ. ચાર મહિલા પોલીસો સામે કાર્યવાહી.
- દિલ્હીમાં સચિવાલય પાસેથી છરા ભરેલાં શંકાસ્પદ થેલા મળ્યા.
- પાકિસ્તાનમાં લાહોર જતી બસને અકસ્માતમાં ૨૩નાં મોત.
- મોબાઇલમાં કોલર ટ્યુનની કંપનીઓને ૮૫૦૦ કરોડની કમાણી કરી.
- કેન્દ્રિય કૃષિમંત્રી શરદ પવારની તબિયત અચાનક બગડી.
- પશ્ચિમ બંગાળમાં મધ્યાહન ભોજન જમતાં ૪૦ બાળકો માંદગીની ઝપટમાં, ૧નું મોત.
- પાકિસ્તાનના કાર્યવાહક વડાપ્રધાન મીર હજારે ખાનનું નામ જાહેર થયું.
- અમદાવાદમાં નદી કિનારે ભરાતા રવિવારીય બજારને બોમ્બથી ઉડાવાની ધમકી મળી.
- સચિન તેંડુલકરને બ્રિટન પણ 'સર'ની પદવી આપશે.
- મુંદ્રા પોર્ટ પર ટેન્કર ફાટ્યું. લોકોમાં ગભરાટ.
- પાકિસ્તાનમાં ચાર વર્ષ બાદ પરત ફરેલ પરવેઝ મુશરર્ફ, પાછી રાજકીય ગતિવિધિઓ તેજ બની.
- બાંગ્લાદેશમાં વાવાઝોડાથી ભારે તારાજી સર્જાઇ.
- શામળાજીનાં ડુંગરમાં ભીષણ આગ, કુદરતી સંપત્તિને ભારે નુકશાન.
- કાશ્મીરમાં પોલીસ પર આતંકીઓના હુમલા યથાવત.